સરકારી ડિગ્રી ઈજનેરી અને ડીપ્લોમા ઈજનેરી સંસ્થાઓ ખાતે હયાત વિદ્યાશાખાઓના Restructuring અને નવી ઉભરતી વિદ્યાશાખા શરુ કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૨/૩૧૨/સ.

સચિવાલય, ગાંધીનગર

તા.૨૦/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:-

1) માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અધ્યક્ષ સ્થાને તા.૨૮/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ
2) Restructuring અને નવી ઉભરતી વિદ્યાશાખા શરુ કરવા બાબત નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરીનો તા.૧૭/૧૨/૨૦૨૧ના કચેરી આદેશ ક્રમાંક: ડીટીઈ/એકેડેમિક/SFI Asso. /ક (૨)/૨૦૨૧/૧૨૦૨૨ થકી રચાયેલ સમિતિની ભલામણો
3) All India Council for Technical Education Act, 1987 (52 of 1987) હેઠળ ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા પ્રસિધ્ધ કરાયેલ વર્ષ ૨૦૨૨-૨૩ ની એપ્રુઅલ પ્રોસેસ હેન્ડબુક
4) શિક્ષણ વિભાગ ના સરકારી ડિગ્રી ઈજનેરી અને ડીપ્લોમાં ઈજનેરી કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ થી Sanction Intake Revised કરવા બાબત ના તા.૦૭/૦૨/૨૦૨૦ અને ૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવ

આમુખ :-

કેન્દ્ર સરકારશ્રી દ્વારા નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ના અમલીકરણના હેતુસર પ્રોફેશનલ અભ્યાસક્રમો માટેની દેશની વૈધાનિક સંસ્થાન AICTE, New Delhi દ્વારા ડીગ્રી ઈજનેરી અને ડીપ્લોમા ઈજનેરીમાં નવી ઉભરતી વિદ્યાશાખાઓનો સમાવેશ કરવામાં આવેલ. રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજો અને સરકારી પોલીટેકનીક ખાતે ચાલતા અભ્યાસક્રમોમાં સમયાનુસાર તથા વિદ્યાર્થીઓના એડમીશનના આંકડા ધ્યાને લેતા જરૂર જણાય તેમાં ફેરફાર/Restructuring કરવા અથવા ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાને લઇ નવી ઉભરતી વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમો શરૂ કરવાની શક્યતા ચકાસી, ભલામણ કરવાના હેતુથી નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા સમિતિની રચના કરવામાં આવેલ હતી. તે સમિતિની ભલામણો, AICTEની જોગવાઇઓ અને નવી શિક્ષણ નીતિ (NEP-2020)ના આયામોને ધ્યાને લઈને વિદ્યાર્થીઓના બહોળા હિતમાં એડમીશનના આંકડા તથા વિદ્યાર્થીઓની પ્રવેશ મેળવતી વખતેની પસંદગીના આંકડાને ધ્યાને લઇ અને ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાને લઇ સરકારી ઈજનેરી કોલેજો અને સરકારી પોલીટેકનીક ખાતે હયાત વિદ્યાશાખાઓના Restructuring અને નવી ઉભરતી વિદ્યાશાખા શરૂ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ: -

પુખ્ત વિચારણાને અંતે આત્મનિર્ભર ભારતની સફર તથા ભગીરથ ફાળામાં ગુજરાત રાજ્ય સહભાગી બને તેવી સરકારશ્રીની પ્રતિબધ્ધતા અન્વયે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈને સરકારી ડિગ્રી ઈજનેરી અને ડીપ્લોમા ઈજનેરી સંસ્થાઓ ખાતે હયાત વિદ્યાશાખાઓના Restructuring અને નવી ઉભરતી વિદ્યાશાખા શરૂ કરવા માટે નીચે મુજબના ફેરફારો જાહેર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

1. AICTE મુજબ ડીગ્રી/ડિપ્લોમા ઇજનેરીમાં નવી ઇમર્જીંગ/રેગ્યુલર વિદ્યાશાખાઓ શરૂ કરવા બાબત.

AICTE મુજબ સરકારી ડીગ્રી/ડિપ્લોમા ઇજનેરીમાં નવી ઉભરતી (New Emerging Branches) વિદ્યાશાખાઓમાં સરકારી ઇજનેરી કોલેજોમાં કુલ ૬૦૦, IITRAM ખાતે ૬૦ અને સરકારી પોલીટેકનિક સંસ્થાઓમાં કુલ ૬૦૦ બેઠકો શરૂ કરવા આથી ઠરાવવામાં આવે છે, જેની વિગતો નીચે ટેબલ-૧ માં જણાવ્યા મુજબ છે.

ટેબલ-૧

ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ ખાતે નવી ઈમર્જીંગ/રેગ્યુલર વિદ્યાશાખા અને તેની મંજૂર કરાયેલ બેઠકો

| ક્રમ નંબર | સંસ્થાનું નામ | અભ્યાસક્રમ નું નામ | વિદ્યાશાખા શરૂ કરવા મંજૂર થયેલ નવી બેઠકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | Vishwakarma Government Engineering College, Chandkheda | Computer Science and Engineering (Data Science) | 60 |
| ૨ | | Electronics and Instrumentation Engineering | 60 |
| 3 | L. D. College of Engineering, Ahmedabad | Artificial Intelligence and Machine Learning | 60 |
| ૪ | | Robotics and Automation | 60 |
| ૫ | Government Engineering College, Bharuch | Computer Engineering | 60 |
| ૬ | Government Engineering College, Surat | Electronics and Instrumentation Engineering | 60 |
| ૭ | Government Engineering College, Rajkot | Robotics and Automation | 60 |
| ૮ | | Artificial Intelligence and Data Science | 60 |
| ૯ | Government Engineering College, Gandhinagar | Robotics and Automation | 60 |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | Government Engineering College, Bhavnagar | Electronics and Instrumentation Engineering | ૩૦ |
| ૧૧ | | Information and Communication Technology | ૩૦ |
| ૧૨ | IITRAM, Maninagar, Ahmedabad | Computer Engineering | **60** |
| **ડિપ્લોમા ઈજનેરી સંસ્થાઓ ખાતે નવી ઈમર્જીંગ/રેગ્યુલર વિદ્યાશાખા અને તેની મંજૂર કરાયેલ બેઠકો** | | | |
| **અનુક્રમ નંબર** | **સંસ્થાનું નામ** | **અભ્યાસક્રમ નું નામ** | **વિદ્યાશાખા શરૂ કરવા મંજૂર થયેલ નવી બેઠકોની સંખ્યા** |
| ૧ | A.V. Parekh Technical Institute, Rajkot | Renewable Energy | 60 |
| ૨ | Government Polytechnic, Kheda | Computer Engineering | 60 |
| ૩ | | Information Technology | 60 |
| ૪ | Government Polytechnic, Rajkot | Information and Communication Technology | ૩૦ |
| ૫ | Government Polytechnic, Valsad | Information Technology | 60 |
| ૬ | Shri K. J. Polytechnic, Bharuch | Electronics and Communication Engineering | 60 |
| ૭ | R. C. Technical Institute, Ahmedabad | Information and Communication Technology | ૩૦ |
| ૮ | Dr. S & S. S. Gandhy Government Engineering College (Polytechnic), Surat | Automation and Robotics | 60 |
| ૯ | | Mechanical Engineering (CAD/CAM) | 60 |
| ૧૦ | | Computer Engineering | 60 |
| ૧૧ | | Information and Communication Technology | 60 |

2. <u>હયાત અભ્યાસક્રમોના ઇન્ટેકને સ્થળાંતરિત કરવા બાબત.</u>

સરકારી ઇજનેરી કોલેજો અને સરકારી પોલીટેકનિકો ખાતેના અભ્યાસક્રમોમાં છેલ્લા ત્રણ વર્ષના પ્રવેશ ના આંકડા ને ધ્યાને લેતા રૂચી અનુસાર એડમિશન લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યાની સાપેક્ષમાં વધુ બેઠકો રાખી, ખાલી રહેતી બેઠકો અન્ય સરકારી સંસ્થા ખાતે સ્થળાંતરિત કરવા આથી ઠરાવવામાં આવે છે, જેની વિગતો નીચે જણાવેલ ટેબલ-૨ મુજબ છે.

## ટેબલ-૨

| ડિગ્રી ઈજનેરી ની હયાત સરકારી સંસ્થાઓ ની બેઠકોનું સ્થળાંતરણ | | | | |
|---|---|---|---|---|
| અનુક્રમ નંબર | જ્યાં બેઠકો તબદીલ કરવાની છે સંસ્થાનું નામ | અભ્યાસક્રમનું નામ | સ્થળાંતરીત બેઠકોની સંખ્યા | જ્યાંથી બેઠકો તબદીલ કરવાની છે તે સંસ્થાનું નામ અને વિદ્યાશાખાની બેઠકોની સંખ્યા |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | GEC, Gandhinagar | Civil Engineering | 30 | GEC, Dahod<br>(Civil Engg.-30) |
| ૨ | GEC, Gandhinagar | Mechanical Engineering | 60 | GEC, Modasa<br>(Mech. Engg.-60) |
| ૩ | GEC, Surat | Civil Engineering | 60 | LEC, Morbi<br>(Civil ENgg.-60) |
| ૪ | GEC, Surat | Electrical Engineering | 60 | LEC, Morbi<br>(Ele. Engg.-60) |
| ૫ | LDCE, Ahmedabad | Automobile Engineering | 30 | GEC Modasa<br>(Auto. Engg.-30) |
| ૬ | LDCE, Ahmedabad | Automobile Engineering | 30 | GEC Rajkot<br>(Auto. Engg.-30) |
| ૭ | VGEC, Chandkheda | Mechanical Engineering | 30 | GEC, Dahod<br>(Mech. Engg.-30) |
| ડિપ્લોમા ઇજનેરી ની હયાત સરકારી સંસ્થાઓ ની બેઠકોનું સ્થળાંતરણ | | | | |
| ૧ | GP, Ahmedabad | Architectural Assistantship | 30 | GP Vadnagar<br>(Archi. Assi.-30) |
| ૨ | GP, Gandhinagar | Civil Engineering | 60 | GGP Ahmedabad<br>(Civil Engg.-60) |
| ૩ | GP, Gandhinagar | Mechanical Engineering | 60 | GP Dahod<br>(Mech. Engg.-60) |
| ૪ | GP, Vadnagar | Civil Engineering | 60 | GP Dahod<br>(Civil Engg.-60) |
| ૫ | SSGP, Surat | Textile Manufacturing | 30 | SSGP, Surat<br>(Textile Processing-30) |
| ૬ | BPTI, Bhavnagar | Mechanical Engineering<br>(CAD/CAM) | 60 | GP, Chhotaudepur<br>(Mechanical-60) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | CUSP, Surendranagar | Mechanical Engineering (CAD/CAM) | 60 | GP, Himatnagar (Mechanical-60) |
| ૮ | GP, Valsad | Mechanical Engineering (CAD/CAM) | 60 | GP, Valsad (Mechanical-60) |
| ૯ | GP, Rajkot | Mechanical Engineering (CAD/CAM) | 60 | JNMGP, Amreli (Mechanical-30) |
| ૧૦ | GP, Ahmedabad | Mechanical Engineering (CAD/CAM) | 120 | KDP Patan (Mechanical-30) |
| ૧૧ | KJP, Bharuch | Renewable Energy | 60 | GP, Chhotaudepur (Electrical-30) |
| ૧૨ | GP, Himatnagar | Renewable Energy | 60 | GP, Dahod (Electrical-30) |
| ૧૩ | GP, Gandhinagar | Automation and Robotics | 60 | GP, Gandhinagar (Biomedical-30 & IC-30) |
| ૧૪ | GP, Gandhinagar | Metallurgy | 60 | GP, Chhotaudepur - (Civil-30) JNMGP, Amreli - (Civil-30) |
| ૧૫ | GP, Ahmedabad | Automation and Robotics | 60 | BPTI, Bhavnagar (Automobile-30) RCTI Ahmedabad (Printing-30) |

- નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ઉપરોક્ત વિદ્યાશાખા શરૂ કરવા AICTE ના ધારાધોરણ અનુસાર ખૂટતા મહેકમ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ અન્ય સંસાધનોની પુર્તતા માટેની જરૂરી દરખાસ્ત મોકલી મંજૂરી લેવાની રહેશે.
- ઠરાવની સૂચિત બેઠકોની મંજૂરી માટે AICTE ના પોર્ટલ પર અરજી અને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીની એફિલીએશન ની કાર્યવાહી સંબંધિત સંસ્થાના આચાર્યશ્રી દ્વારા નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીના સંકલનમાં રહીને કરવાની રહેશે.
- સદર તબદીલ કરાયેલ બ્રાન્ચ અને તેની નવી સંસ્થાનું AICTE ના પોર્ટલ પર અરજી સંકલનની કાર્યવાહી સદર સંસ્થાના આચાર્યશ્રીએ અગ્રતાક્રમે ખૂબ જ ચીવટપૂર્વક નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીના સંકલનમાં રહીને કરવાની રહેશે.
- ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા નવા શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૨-૨૩ પહેલા ઉપરોક્ત અભ્યાસક્રમો માટે અગ્રતાના ધોરણે Course Design કરી પ્રસિદ્ધ કરવાનો રહેશે.
- ટેબલ-૨ ના કોલમ નં.-૨ માં દર્શાવેલ સંસ્થાના નામ સામે કોલમ નં.-૩ ના અભ્યાસક્રમ અર્થે કોલમ નં.-૪ મુજબની બેઠકો સાથે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ થી શરૂ કરવા માટે AICTE પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.

* ટેબલ-૨ ના કોલમ નં-૫ માં જણાવેલ સંસ્થાઓ ખાતે સંસ્થાના નામની નીચે દર્શાવેલ અભ્યાસક્રમો(બેઠકો) માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી બેઠકોમાં ઘટાડા માટે AICTE પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.
* ટેબલ-૧ માં દર્શાવેલ દરેક સંસ્થાઓ અને ટેબલ-૨ ના કોલમ નં-૩ માં દર્શાવેલ દરેક સંસ્થાઓએ નવો અભ્યાસક્રમ શરૂ કરવાના સમયે AICTE પોર્ટલ ઉપર વર્ષ ૨૦૨૦ માં કરેલ ઘટાડો જો કોઇ હોય તે અવશ્ય દર્શાવવાનો રહેશે. વધુમાં સંસ્થાના જે તે અભ્યાસક્રમને NBA Accreditation મળેલ હોય તો તે પણ EoA માટે AICTE પોર્ટલ ઉપર અરજી કરવાના સમયે દર્શાવવાનું રહેશે.
* ઠરાવની સૂચિત મંજૂર બેઠકો ની AICTE અને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા મંજૂરી પ્રાપ્ત થયે તુરંત એ અંગે બહોળો પ્રચાર- પ્રસાર કરીને પ્રવેશની કાર્યવાહીમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.
* ઉપરોક્ત બેઠકો પર રાજ્ય સરકારશ્રી નો પ્રવર્તમાન બિન અનામત વર્ગના આર્થિક રીતે પછાત વર્ગની અનામતઅંગેની જોગવાઈ (EWS) અંગેનો ઠરાવ લાગુ પડશે.
* પ્રસ્તુત ઠરાવમાં સૂચવેલ બેઠકો અંગેના તમામ ફેરફારો AICTE ની અંતિમ મંજૂરીને આધિન રહેશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે. ટી. બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

શેરા ક્રમાંક:ડીટીઈ/એકેડેમીક/ક(૪)/કોવિડ-૧૯/૨૦૨૧/૩૨૯૬
ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, કર્મયોગી ભવન,
બ્લોક નં.૨ છઠ્ઠો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર
તા. 20 APR 2022

નકલ રવાના:- જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. ( ઈ-મેઈલ દ્વારા)

૧. અત્રેની કચેરીના તાબા હેઠળના તમામ સરકારી ઇજનેરી/ પોલિટેકનિક સંસ્થાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
૨. રજીસ્ટ્રાર, જીટીયુ, અમદાવાદ તરફ જાણ કરવા સારૂ.
૩. મેમ્બર સેક્રેટરી એ.સી.પી.સી. અને એ.સી.પી.ડી.સી. તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

શિક્ષણવિભાગ,ગાંધીનગર નો તા. ૨૦/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્ર: પરચ/૧૦૨૦૨૨/૩૧૨/ સ. થી ડિગ્રી ઇજનેરી અને ડિપ્લોમાં ઇજનેરી સંસ્થાઓ ખાતે હયાત વિધાશાખાઓના Restructuring અને નવી ઉભરતી વિધાશાખા શરૂ કરવા બાબત નો ઠરાવ અત્રે મોકલી આપેલ છે.જે અંગે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતિ. વધુમાં પોર્ટલ પર કોઇ તકલીફ જણાય તો અત્રે તાત્કાલિક જાણ કરવી.

સંયુક્ત ટેકનીકલ શિક્ષણ નિયામક